## તંત્રી સ્થાનેથી......

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આયોજીત નાયબ સેકશન ઓફીસર અને નાયબ વર્ગ-૩ ની પ્રાથમિક કસોટી તા.૧ ઓગસ્ટ ના રોજ જૂનાગઢના ૬૮ પરીક્ષા કેન્દ્રો પર ૬૭૧ બ્લોકમાં યોજાશે. જેમાં ૧૬૦૯૮ ઉમેદવાર પરીક્ષા આપશે. આ પરીક્ષા તા. ૧ ઓગસ્ટ ના સવારે ૧૧ થી ૧ કલાક સુધી યોજાશે. આ પરીક્ષા કેન્દ્રોમની આસપાસ ૨૦૦ મીટર વીસ્તાઈરનાં કોઈપણ માર્ગ ઉપર કે ચોકમાં ગલીઓમાં પાંચ કરતા વધારે લોકોએ એકઠાં થવું નહિં, સરઘસો કાઢવા નહીં, તેમજ સુત્રો પોકારવા નહીં,પરીક્ષા કેન્દ્રધની આસપાસનાં ૨૦૦ મીટરના વિસ્તા૦રમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વયવસાય કરતા-ઝેરોક્ષ મશીનો ધરાવતા ધંધાર્થીઓ —મશીન ધારકોએ તેમના કોપીંગ મશીન ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તા વેજો કાગળોની નકલો કાઢવી નહીં. ઝેરોક્ષ મશીન બંધ રાખવા. પરીક્ષામાં રોકાયેલા કેન્દ્રોના સંચાલકશ્રીઓ, ખંડ નિરીક્ષકો,વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવેલ છે. તે વોટરમેન, બેલમેન, કે જેઓ સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા ઓળખ પત્ર આપવામાં આવ્યામ છે. તે ચકાસીને જ પ્રવેશ આપવાનો રહેશે.વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો,વહીવટી કર્મચારીઓ,જાહેર જનતા કે ફરજ પરનાં તમામ પ્રકારનાં સરકારી કર્મચારીઓએ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ અથવા ઈલેકટ્રોનિક્સ આઈટમ જેવી કે મોબાઈલ ફોન,પેજર, કેલ્ક્યુલેટર,વિગેરે ,પુસ્ત ક,કાપલી,ઝેરોક્ષ નકલો,પરીક્ષા સ્થીળમાં લઈ જવા નહીં અને તેમાં મદદગારી કરવી નહીં પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધીત કામગીરીમાં રોકાયેલ ફરજ પરનાં અધીકૃત માણસો સિવાય કોઈએ પ્રતિબંધીત વિસ્તાષરમાં દાખલ થવુ નહીં,કોઈ પણ ઈસમે કોઈ પણ તરકીબવાપરી પરીક્ષાર્થીનેપરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારીકરવી કે કરાવવી નહીં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાન્તીર અને લેખન કાર્યમાં અડચણ/ધ્યાનભંગ થાય તેવુ કૃત્ય કરવુ/ કરાવવુ નહી. આ હુકમ પોતાના અંગત ઉપયોગ માટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્ય/કિતઓને તથા ફરજની રૂએ જે કર્મચારીઓને મુકિત આપવામાં આવી હોય, તેવી વ્ય? કિતઓને એકત્રિત થવાની જોગવાઈ લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ કરનાર વ્યઆકિત સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

# રાજયમાં ભાજપના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ની નેતૃત્વવાળી સરકારે સફળતા પૂર્વક પાંચ વર્ષ પૂર્ણ થતા આગામી ૧લી ઓગસ્ટ થી ૯ મી ઓગસ્ટ સુધી વિવિધ કાર્યક્રમો યોજી ઉજવણીના ભાગરૂપે ડાંગ જિલ્લાના ટીમ્બર હોલ ખાતે સંઘઠન પ્રભારી સીતાબેન નાયક,પ્રમુખ દશરથભાઈ પવાર અને ધારાસભ્ય વિજયભાઈ પટેલની અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી

કમલમદૈનિક,

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મંગળ ગાંવીતે જણાવ્યુ હતું કે રાજયના યશસ્વી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ના નેતૃત્વવાળી ભાજપા સરકારે સબકા સાથ સબકા વિકાસના મંત્ર સાથે વિકાશનો ધોધ વ્હેડાવ્યો છે.ડાંગ જિલ્લામાં રસ્તા, પાણી, આરોગ્ય, શિક્ષણ સહિતની પ્રાથમિક સુવિધાઓ સાથે ખેડૂત,વિદ્યાર્થી, પશુપાલકો ના સર્વાંગી વિકાસ માટે મક્કમ રહ્યા છે. ધારાસભ્ય વિજયભાઈ પટેલે વનબંધુ કલ્યાણ યોજનાઓ થકી આદિવાસી પરિવારો પગભર થયા છે, સાથોસાથ તેમના આવાસ, માધ્યમિક શાળાઓ, છાત્રાલયો, સહિત જંગલ જમીન ખેડતા આદિવાસી ખેત મજૂરોને જમીનના હક્ક પત્રકો આપી સ્વમાનભેર જીવન જીવવા આધાર આપ્યો છે. સંગઠન પ્રભારી સીતાબેન નાયકે રાજ્યમાં રૂપાણી સરકારે લોકોના સર્વાંગી માટે કોઈ પાછીપાની કરી નથી.ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પાકી સડક, પાણી, વીજળી, આરોગ્ય સહિત વિવિધ યોજનાઓ થકી આદિવાસીસમાજ પગભર થયો છે. ત્યારે સુશાસનના પાંચ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરનારી ભાજપની સરકાર આવનારી વિધાનસભા માં પણ ભવ્યજીત મેળવી લોકોની સેવા કરવાની નેમ વ્યક્ત કરી હતી.આ સાથે જ યુવા ભાજપ દ્વારા કોરોના મહામારીમાં પોતાની પરવા કર્યા વગર લોકોહિતમાં ફરજ બજાવનાર નર્ષ, ડોકટર, સફાઈ કામદારો, ૧૦૮ પાઈલોટ,મીડિયા,તેમજ સામાજિક કાર્યકરોનેતેમની શ્રેષ્ટ કામગીરીની કદર કરી પ્રમાણપત્રો એનાયત કરી સન્માવવામાં આવ્યા હતા. આગામી ૧લી ઓગષ્ટ થી ૯ ઓગષ્ટ સુધી રૂપાણી સરકારના સુશાસન ના પાંચ વર્ષ પૂર્ણ થતાં વિવિધ યોજનાઓ લાભાર્થીઓ સુધી પહોંચાડવા


રીપોર્ટ -અમરનાથ જગતાપ-ડાંગ

કાર્યકરો,સંગઠનના સભ્યો, મહામંત્રીઓ,વિવિધ મોરચાઓ, પદાધિકાતીઓને અનુરોધ કરાયો હતો. આ કાર્યક્રમમાં સંગઠન ના સભ્યો,વિવિધ મોરચાના પ્રમુખ,મંત્રી,ઈન્ચાર્જઓ,તાલુકા જિલ્લા પંચાયત પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા મંડળ પ્રભારી સંજયભાઈ પાટીલ,મંડળ પ્રમુખ સંજય વહેવારે,પ્રવીણ આહિરે,જીગર પટેલએ જહેમત ઉઠાવી હતી.

# મહેમદાવાદ મત વિસ્તારના ધારાસભ્યશ્રી અર્જુનસિંહ ચૌહાણના હસ્તે નિરાંત સેવા આશ્રમ ખાતે એમ્બ્યુલન્સણ, પરમશાંતિ રથ, અન્નપુર્ણા રથનું લોકાર્પણ

## નિરાંત સેવા આશ્રમની સેવાક્યિ કામગીરીને બિરદાવતા ધારાસભ્યશ્રી અર્જુનસિંહ ચૌહાણ







કમલમદૈનિક,

નિરાંત સેવા ટ્રસ્ટ દ્વારા નવીન એમ્બ્યુલન્સ અને અન્નપુર્ણા રથ અને પરમશાંતિ રથનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નિરાંત સેવા ટ્રસ્ટ દ્વારા રૂ. ૫ માં ભોજન અને નિઃશુલક અંતિમ રથ અને નિઃશુલ્ક એમ્બ્યુલન્સની સેવા અર્પણ કરવામાં આવે છે. સામાજિક સેવાનું શ્રેષ્ઠતમ જીવંત ઉદાહરણ એટલે નિરાંત સેવા ટ્રસ્ટ. આ સંસ્થાને ૨૧ વર્ષ પુર્ણ થયા તેની ખુશીમાં શ્રી બીપીનભાઈએ જણાવ્યું કે, માતા-પિતાના આશીર્વાદ અને સંસ્કારથી આજે આ ટ્રસ્ટ જરૂરીયાતમંદ લોકો માટે ઉત્તમ કાર્ય કરી રહીછે. નિરાંત સેવા ટ્રસ્ટએએ નડિયાદના ગરીબો માટે તેમજ સેવાકિય પ્રવૃત્તિઓ માટે ખુબ જ અગત્ય નું ટ્રસ્ટર છે. શ્રી અર્જુનસિંહે જણાવ્યું હતું કે, આ સંસ્થા પુણ્યનું કાર્ય કરી રહી છે. આ ટ્રસ્ટમ દ્વારા આજે નડિયાદ શહેરની સેવા માટે એક અધતન એમ્બ્યુલન્સ વાન, પરમશાંતિ રથ, અન્નપુર્ણા રથ પણ અર્પણ કરવામાં આવ્યું છે તે ખુબ જ સરાહનિય કાર્ય છે તેમ તેઓશ્રીએ જણાવ્યું હતુ. એમ્બ્યુલન્સ અને અન્નપુર્ણા રથનું લોકાર્પણ શ્રી અર્જુનસિંહ ચૌહાણના હસ્તો કરવામાં આવ્યું હતુ. ઉપરાંત ૬ વિકલાંગોને ટ્રાઈસીકલનું વિતરણ પણ કરવામાં આવ્યું હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ટ્રસ્ટહ દ્વારા અત્યા ર સુધીમાં રોજે અંદાજિત ૨૫૦થી વધુ જેટલા લોકોને ૫ રૂ.ના ટોકનરૂપે ભોજનની સેવા પુરી પાડવામાં આવી રહી છે. તેઓશ્રીએ આ સેવાકિય પ્રવૃત્તિઓ બદલ શહેરીજનો તરફથી શ્રી બિપીનભાઈ પટેલનો આભાર વ્ય કત કર્યો હતો. આ પ્રસંગે શ્રી નિતીનભાઈ ઉપાધ્યાયે સૌને આવકારીને નિરાંત સેવા ટ્રસ્ટની પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી. જયારે નિરાંત સેવા આશ્રમના શ્રી બીપીનભાઈએ આ સેવાકિય પ્રવૃત્તિઓમાં સહભાગી થવા બદલ ધારાસભ્યશ્રી અર્જુનસિંહ ચૌહાણનો તથા નામી-અનામી સૌ દાનવીરોનો આભાર વ્યતકત કર્યો હતો. આ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખશ્રી રંજનબેન વાઘેલા, માનવ સેવા પરીવારના શ્રી મનુભાઈ મહારાજ, શ્રી ગૌતમભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી વિનુભાઈ સુથાર તથા નગરશ્રેષ્ઠીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસા ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા ની બહેનો એ ધારા સભ્ય ની લીધી મુલાકાત



કમલમદૈનિક,

ડીસા ના લોક લાડીલા ધારાસભ્ય શશીકાંત પંડ્યા આજ રોજ ડીસા ની જહુ હાઈસ્કુલ માં સાયન્સપ્રવાહ ના ઉદ્‌ઘાટન પ્રસંગે પધારેલ ત્યારે ડીસા મહિલા મોરચાની બહેનો એ શુભેચ્છા મુલાકાત લઈ સાહેબ પાસે થી માર્ગ દર્શન અને પાર્ટી નો વ્યાપ વધે લોકો ના કામ ઝડપથી થાય અને ડીસા શહેર ના વિકાસ ના કર્યો ઝડપથી પૂર્ણ થાય તેવી ચર્ચા કરવા માં આવેલ .ડીસા નગરપાલિકા ઉપપ્રમુખ સવિતાબેનહારિયાણી જિલ્લા ઉપ પ્રમુખ રિટાબેનપટેલ ડીસા શહેર ઉપપ્રમુખ જોલીબેન પટેલ શિલ્પા બેન ત્રિવેદી નગરપાલિકા કોર્પોરેટર પૂનમબેન ભાટી નયનાબેન શહેર મંત્રી ગીતાબેન શહેર કારોબારી સભ્ય કાંતાબેન પટેલે શુભેચ્છા મુલાકાત લીધી હતી

# પોશ ડોડાનો કાળો કારોબાર-ચકલાસીના ભવાનપુરા ગામના મકાનમાં પોલીસ ત્રાટકી-પોશ ડોડાનો જથ્થો મળ્યો

કમલમદૈનિક,

ગુજરાતીઓને બદબાદીની ગર્તામાં ધકેલી દેતા માદકદ્રવ્યોના કાળા કારોબારનેતોડી પાડવા માટે ખેડા જીલ્લા પોલીસ દ્વારા ખાસ વોચ રાખવામાં આવી રહીછે.ખેડા જીલ્લા પોલીસ એસપી અર્પિતા પટેલે જીલ્લા પોલીસને માદકદ્રવ્યોની હેરાફેરી કરનાર,વેચનાર સહિતના ગુનેગારોનેશોધી કાઢી ગુનાદાખલ કરવા માટે ખાસ સુચનાઓ આપી હતી.અવારનવાર પોલીસ અધિકારીઓ અને પોલીસજવાનો સાથે ડ્રગ્સ રેકેટને તોડીપાડવામાટે ચર્ચાઓ પણ યોજી રહ્યા છે.આ દરમિયાન એસઓજી પીએસઆઈ એ.ઓ.તિવારી અને પોલીસ ટીમે અત્યંત ગુપ્તતાપુર્વક ચકલાસી પાસેના ભવાનપુરા ગામના એક મકાનમાં રેડ પાડી ઓપરેશનહાથ ધર્યુ હતું.મકાનના એક રુમમાં તલાસી લેતાં તેમાંથી પોશ ડોડાનો જથ્થો મળી આવતાં પોલીસ ચોંકી ઉઠી હતી.પોલીસ ટીમે મકાનમાં પોશ ડોડાનો જથ્થો સંતાડનાર સોમાભાઈ બુધાભાઈ વાઘેલાને ઝડપીલીધોહતો.પોલીસે ૧૯ કિલો ૭૧૦ ગ્રામપોશ ડોડાનો જથ્થો, ૬ કિલો ૭૫૦ ગ્રામ પોશ ડોડાનો પાવડરનો જથ્થો, ઈલેકટ્રીક કાંટો,મોબાઈલ ફોન અને રોકડ રકમસહિત કુલ રુપીયા ૮૪૦૭૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.કોવીડ


રિપોર્ટ-ડેવિડ પટેલ- મહેસાણા

ટેસ્ટ કરાયા બાદ સોમા બુધભાઈ વાઘેલાની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.એનડીપીએસ એકટહેઠળ નોંધાયેલા ગુના અંતર્ગત પુછપરછ દરમિયાન સોમા વાઘેલાએ કબુલાત કરી હતી કે મધ્યપ્રદેશના એકવિસ્તારમાંથી તેણે પોશ ડોડાનો જથ્થો મંગાવ્યો હતો.પોલીસ ટીમ મધ્યપ્રદેશ પહોંચી ગઈ હતી.જ્યાંથી પોશ ડોડાનો જથ્થો મોકલનાર બેશખસને શોધી કાઢ્યા હોવાનું સુત્રોએ જમાવ્યું હતું.આ અગે એસપી અર્પિતા પટેલ કહે છે કે સોમાવાઘેલાએ લોકડાઉન બાદ પોશડોડાનો કાળો કારોબાર શરુ કર્યોહતા.તે પોતે પણ પોશ ડોડાનો બંધાણી છે.જે અન્ય બંધાણીઓને પોશ ડોડાનોપાવડર સપ્લાય કરતો હતો. મધ્યપ્રદેશથી બે આરોપીને લવાયા બાદ કોર્ટમાં રજુ કરાશે.બંનેની પુછપરછ બાદ પોશડોડા રેકેટમા ચોંકાવનારી બાબતો બહાર આવે તેવી શક્યતા છે.

# શત શત નમન બ્રેવો શહીદ પાટીદાર યુવાનને-નેવી ઓફિસર કુલદીપ પટેલને શ્રધ્ધાંજલી-બહેને અગ્નિદાહ આપ્યો

કમલમદૈનિક,

લખતર તાલુકાના લીલાપુર ગામના વતની કુલદીપ પટેલ શહીદ થતાં સમગ્ર જીલ્લામાં ભારે શોક અને આઘાત છવાયો છે.લખતર તાલુકાના લીલાપુર ગામના હરિકુષ્ણ પટેલ ખેતીકામ કરી પરિવારનો જીવન ગુજારો કરે છેતેમના પરિવારમાં પત્નિ,એકપુત્રી અને પુત્ર કુલદીપ હતા.કુલદીપે સુરેન્દ્રનગર ખાતેની કોલેજમાંથી ગ્રેજયુએશન પુરુ કર્યું હતું.દ્રઢ સંકલ્પશક્તિ, રાષ્ટ્રભાવના અને


રિપોર્ટ-ડેવિડ પટેલ- મહેસાણા

સાહસીકતાના ગુણો ધરાવતો કુલદીપ પટેલ ઈન્ડીયાન નેવીમાં સિલેક્ટ થતાંપરિવારજનોમાં ખુશાલી છવાઈ હતી.પાટીદાર સમાજ પણ કુલદીપ પર ગૌરવની લાગણી અનુભવતો હતો. ૨૪ વર્ષનો કુલદીપ ૨૦૧૭માં ભારતીય નેવીમાં જોડાયો હતો. તેણે ઓરિસ્સા, મુંબઈ અને ગોવામાં તાલીમ પુરી કરી હતી. તાલીમ પુરી થતાં કુલદીપ પટેલને રડાર મેનેજમાં ફરજપર મુકવામાં આવ્યો હતો.તે આઈએનએસ બ્રહ્મપુત્ર યુનિટમાં પુર્ણ સમર્પિતતાના ભાવથી ફરજ બજાવતો હતો.જહાજ પોરબંદરથી મુંબઈ જઈ રહ્યું હતું,તે સમયે મધદરીયે જહાજના એન્જીનમાં ટેકનીકલ ખામી સર્જાઈ હતી.જેથી કુલદીપ રડાર ચાલુ કરવા માટે અન્ડર ડોમમાં ઉતર્યો હતો.કમનસીબે પગ લપસતાં તેના પગ એન્જીનમાં ફસાઈ ગયા હતા.ગંભીર રીતે ઈજાગ્રસ્ત કુલદીપને સારવાર માટે લઈ જવાયો હતા.જયાં સારવાર દરમીયાન તેમનું દુઃખદ અવસાન થયું હતું.યશશ્વી પાટીદાર યુવાન કુલદીપ પટેલ શહીદ થયાના સમાચારો વાયુવેગે સમગ્રજીલ્લામાં પ્રસરી જતાં લોકોમાં આઘાત એને શોકની લાગણી છવાઈ ગઈ હતી.શહીદ કુલદીપ પટેલના પાર્થિવ દેહને તેમના વતન લીલાપુર ગામમાં લવાયો હતો.જયાં નેવી સ્ટાફ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.શહીદની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.કુલદીપના બહેન મેઘાબેન પટેલે અગ્નિદાહ આપતાં કરુણહૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. અંતિમયાત્રામાં જોડાયેલા લોકોએ વંદે માતરમના નારા લગાવ્યા હતા.

# મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર અને મા વિદ્યા વાસિની ટ્રસ્ટના સહયોગ માં ક્ષેત્રીય ભાષા માં લોક ગીત કાર્યક્રમ યોજાયો




કમલમદૈનિક,

મા વિદ્યા વાસિંની ટ્રસ્ટના અધ્યક્ષ સાધના મિશ્રા અને મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર ના મહારાષ્ટ્ર ઈકાઈ અધ્યક્ષ વિના અડવાણી દ્વારા ક્ષેત્રીય ભાષામાં લોક ગીત પ્રસ્તુત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમ માં શ્રી ડૉ ગુલાબચંદ પટેલ રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા મંચ પર ઉપસ્થિત રહેલ તમામ કવિઓ નું શબ્દો થી સ્વાગત કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં શ્રી સાધના મિશ્રા અને વિના અડવાણી ને કાર્યક્રમ ની સફળતા માટે ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા આશીર્વાદ અર્પિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ માં કુલ મળીને ૨૭ લોકો એ પોતાની ક્ષેત્રીય ભાષા માં લોક ગીત પ્રસ્તુત કર્યા હતા. પંજાબ ના શ્રી મનોજ ફગવાડવી ગઝલ કાર દ્વારા ગઝલ અને પંજાબી ભાષા માં ગીત રજૂ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ બુદેલી હિન્દી ગુજરાતી અને પંજાબી ભાષામાં લોક ગીત પ્રસ્તુત થયા હતા સંસ્થા દ્વારા આ કાર્યક્રમ તારીખ ૨૬ જુલાઈ થી શરૂ કરી તારીખ ૩૦ જુલાઈ સુધી આ કાર્યક્રમ ચાલ્યો હતો અને અંત માં તારીખ ૩૦ જુલાઈ ના રોજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માં બે નાની બાળાઓ દ્વારા પણ ગીત રજૂ કરવામાં આવ્યું હતું અને શ્રી કવિ અશોક ગોયલ અને તેમના પત્ની બીના ગોયલ દ્વારા પણ ભાગ લઈ લોક ગીત પ્રસ્તુત કરવામાં આવ્યા હતા કવિ ગોયલ દ્વારા તમામ કવિઓ નો ગ્રુપ ફોટો તૈયાર કરવામાં આવ્યો છે. શ્રી પટેલ દ્વારા તમામ કવિઓ ને અભિનંદન પાઠવ્યા હતા







કમલમદૈનિક,

કડાણા ખાતે માન.ધારાસભ્યશ્રી કુબેરભાઈ ડિંડોરજી અને યુવા મોર્ચા પ્રમુખશ્રી મયંકભાઈ જોષીજી ની આગેવાનીમાં યોજાયેલ "કોરોના વોરિઅર્સ સન્માન" કાર્યક્રમમાં હાજરી આપી.કાર્યક્રમમાં મંડળ મહામંત્રીશ્રી સેવકજી, તા.પં.પ્રમુખશ્રી કમલેશભાઈ પાદરીયાજી, રણછોડભાઈ ડામોરજી, સાથી મહામંત્રીશ્રી જયદેવસિંહજી, મંડળના પદાધિકારીઓ,કોરોના યોદ્ધાઓ અને કાર્યકર્તા મિત્રો હાજર રહ્યા.

